उतिष्ठत् जाग्रत् प्राप्य वरान्निबोधत्

"જાગો, ઉઠો, વિરમો નહિ,
સાધ્યો આશય ના જ્યાં સુધી"

# સમસ્ત શ્રીગૌડ સમાજનું

(રજી.નં. : A / 3352 / Ahmedabad)

# મુખપત્ર

**તંત્રી મંડળ**
ભરત એસ. શુક્લ
ધ્રુવ જે. શુક્લ
દક્ષેશ એસ. પુરોહિત
યોગેશ કે. શુક્લ

જૂન – ૨૦૧૭

શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ



શ્રી મહાલક્ષ્મી પ્રસન્નોસ્તુ

**શ્રી મહાલક્ષ્મીધામ, શહેરા**


**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
ઈ–૧૦, આયોજન નગર, શ્રેયસ ક્રોસિંગ પાસે,
આંબાવાડી, અમદાવાદ. મો. ૯૮૨૪૪૦૬૩૮૧

**મંત્રીશ્રી કૌશિક એચ. પાઠક**
૧/૧, ઉદય ફ્લેટ્સ, શાંતિવન પાસે,
પાલડી, અમદાવાદ. મો. ૯૮૨૫૭૮૮૧૮૮

**મંત્રીશ્રી જ્યંત જી. જોષી**
૪૧૫/૨, સેક્ટર–૩બી, ગાંધીનગર.
મો. ૯૬૦૧૯૯૫૫૬૭

**તંત્રીશ્રી**
જીજ્ઞેશ બી. પંડિત
મો. ૯૦૯૯૦૨૯૦૭૯

**સંપાદકશ્રી**
હસિત એચ. પાઠક – મો. ૯૮૨૫૨૭૭૪૪૦
વિપુલભાઈ વી. દવે – મો. ૯૪૨૬૦૪૭૨૪૮

# श्रीगौड दिवाकर

श्री पद्मपुराण पाताल खण्ड के उद्धरण–

## 卐 मंगलाचरणम् 卐

श्लोक– श्रीगौड विदुषाम् पादपङ्कज स्मरणादहम् ।
मन्दोपि परमां सिद्धिम् यास्यामि वसुधातले ॥ ॥ १ ॥
जीयाच्छ्री र्जगताम् सुखाय सततं, यस्याः कटाक्षच्छटा ।
पातान् मूक जड़ा दयोऽपि मनुजा, पूजाश्च लोकत्रये ॥ ॥ २ ॥
यत्कारुण्य कटाक्ष लक्षितनरं वागीश्वरो यायते ।
सा श्रीगौड़ कुलस्य मण्डनवती श्री रस्तुनस्पुष्टये ॥ ॥ ३ ॥

अर्थ – मैं धर्मनिष्ठ विद्वद्वृन्द प्रातः स्मरणीय श्रीगौड़ ब्राह्मणों के पुनीत चरणों में नतमस्त होकर आशीर्वाद प्रदान करने की प्रार्थना करता हूं – जिससे महामूढ़ भी परम सिद्धि को प्राप्त हुए हैं। जिस आद्यशक्ति जगज्जननी मां महालक्ष्मी की किञ्चित कृपादृष्टि से संसार केप्राणी सतत सुख, शान्ति, यश, समृद्धि प्राप्त कर लेते हैं। महापापी, गूंगे, मूर्ख, अचेतन भी तीनों लोकों में पूज्य बन गए हैं। जिसकी रंग मात्र दया प्राप्त कर महामूढ़ मानव भी रहस्यमय ज्ञान की गुण्डी "करतल आमलकवत्" सरल सुबोध भाषा में प्रकाशित कर सरस्वती को भी प्रसन्न कर वागीश्वर कहलाते हैं। जो श्रीगौड़ ब्राह्मण वंश की अधीश्वरी उपास्य देवी हैं, उन्हें नतमस्तक होकर प्रणाम कर प्रार्थना करता हूं कि वह मां मुझ मूढ़ मतिमन्द पर प्रसन्न हो आशीर्वाद प्रदान करे। अखिल भारतीय श्रीगौड़ ब्राह्म समुदाय एक सूत्र में बंधकर सुसंगठित हो नूतन क्रान्ति के पथ पर अग्रसर हों। एसी मां महालक्ष्मी के द्वादश नामस्त्रोत्र द्वारा सादर कोटि कोटि प्रणाम।

त्रैलोक्य पूजिते देवी, कमले विष्णुवल्लभे। यथा त्वं सुस्थिरे कृष्णे, तथा भव मयि स्थिरे ॥
ईश्वरी, कमला, लक्ष्मी, श्चला, भूतिर्हरिःप्रिया। पद्मा, पद्मालया, सम्पद्, रमा, श्री, पद्मधारिर्णी
द्वादशैतानिनामानि, लक्ष्मी संपूज्य यः पठेत् ॥
स्थिरा लक्ष्मीर्भवेत तस्य, पुत्रदारादिभिर्युतः ।
विश्वरुपस्य भार्यासि पद्मे पद्मालये शुभे सर्वतः पाहिमां देवी महालक्ष्मी नमोस्तुते

**संपादक : प्रि.डॉ. बसंधीर उपाध्याय, प्रमुख ( SSSG )**

આપણા સૌ શ્રીબંધુ માટે આનંદ અને ગૌરવની વાત છે એ પદ્મપુરાણમાં અને કુક્ષી ના શિલાલેશ (સંવત ૧૪૫૧)માં શહેરાના મહાલક્ષ્મી મંદિરનો ઉલ્લેખ છે તથા પ્રાચીન ગ્રંથોમાં શહેરા, લુણાવાડા, કોઠંબા, કાંકણપુર, મધવાસ, વિરપુર, વગેરે ગામોનો અને કાશ્મીરીયા, માલવીયા, ૩૭ પ્રવારિયા, મેડતવાડ, ગૃહ.મો.તડ અને ગૃહ.ના.તડ વગેરે શ્રી સોળ ગૌડ પક્ષોનો પણ ઉલ્લેખ છો.

# શ્રીગૌડ સમાજ, ગુજરાતના વિવિધ મંડળોની
# વડોદરામાં મળેલ બેઠકનો અહેવાલ

આદરણીય જ્ઞાતિજનો,

આપશ્રી સૌ કુશ હશો અને આપની કુશળતા વાંચ્છીએ છીએ.

સંઘે શક્તિ કલૌયુગે.

તા.૦૪-૦૯-૨૦૧૭, રવિવારના રોજ આપણા **પ્રમુખ પ્રિ.ડૉ.શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાયની ઉપરોક્ત વિચારસરણી અને પ્રેરણાથી** સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના, શ્રીગૌડ બ્રાહ્મણ સમાજના વિવિધ મંડળોને અરસ-પરસ સાંકળીને એક સંગઠન શક્તિ બનાવવાના ઈરાદાથી સ્નેહમિલનનું આયોજન વડોદરા મુકામે શ્રી ગૌડની વાડી, ભીડભંજન હનુમાન સામે, ચોખંડી, પ્રતાપનગર રોડ, વડોદરા ખાતે રાખવામાં આવેલ હતું.

શ્રી ગૌડ સમાજ માટે કાર્યરત વિવિધ મંડળોના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓને આમંત્રણ આપેલ અને ૨૪ મંડળોના પ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓ હાજર રહી કાર્યક્રમને ભવ્ય રીતે સફળ બનાવ્યો હતો. શ્રી ભાનુભાઈ જે. પંડ્યા તથા શ્રી અનિલભાઈ આર. દવે, ડૉ. કમલેશભાઈ જોષી, શ્રી ભરતભાઈ દવે, શ્રી કુમુદચન્દ્ર દવે (ઉપપ્રમુખશ્રી), શ્રી દક્ષેશભાઈ પુરોહિત, પ્રિ.ડૉ. કમલેશભાઈ જોષી વગેરે પણ આમંત્રિત તરીકે હાજર રહ્યા હતા.

સમાજના અગ્રણીઓએ સમાજને પરસ્પર સાંકળવા માટે તેમના સૂચનો રજૂ કર્યા હતા જે નીચે મુજબ છેઃ

(૧) દરેક મંડળના દરેક સભ્ય શ્રીગૌડ જાગૃતિ મુખપત્ર માટે રૂ. ૩૦૦/- ભરીને આજીવન સભ્ય બને.

(૨) સમાજ દ્વારા આયોજિત સમૂહ જનોઈ, જીવનસાથી પસંદગી સંમેલન તથા સમૂહ લગ્ન જેવા કાર્યક્રમો વારાફરતી કરવા જોઈએ.

(૩) શ્રીગૌડ દ્વારા સંચાલિત મંદિરો વિષે વિચારવું તથા જરૂર જણાય તો તેની આર્થિક સદ્ધરતા માટે કામ કરવું.

(૪) દરેક સમાજના હોદ્દેદારોની માહિતી શ્રીગૌડ જાગૃતિમાં છાપવી.

(૫) વેબસાઈટનું આયોજન કરવું.

(૬) શ્રી ગૌડ સમાજની માહિતિ પુસ્તિકા છાપવી.

(૭) અલગ-અલગ વાડાઓ તથા એકડાઓ મિટાવી સમગ્ર સમાજે એક થવું જરૂરી છે.

(૮) જિલ્લા પ્રમાણે મંડળો બનાવવા જોઈએ.

(૯) વેસ્ટર્ન ઈન્ડિયાનું ફેડરેશન બનાવવું.

(૧૦) ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કમ્યુનિકેશન વધારવું જોઈએ.

(૧૧) સમાજનું મુખ્ય મંડળ, સમસ્ત શ્રી ગૌડ સમાજ, ગુજરાત સંચાલન કરીને બાકીના બધા મંડળોના કાર્યક્રમોની શિડ્યુલ નક્કી કરે તથા દરેક મંડળો તેમાં સહાય કરે તેવું આયોજન કરવું.

(૧૨) શ્રી ગૌડ ઉત્કર્ષ જેવી સંસ્થા દ્વારા જરૂરિયાત મંદોને મદદ કરવી.

(૧૩) દરેક શ્રી બંધુ માટે મારો પરિવાર તેવી ભાવના કેળવવી જોઈએ.

(૧૪) લોન યુનિટ ઊભું કરીને દરેક શ્રી બંધુને મદદ મળે તેવું આયોજન કરવું જોઈએ.

(૧૫) મહિલા પાંખ તથા સિનિયર સીટીઝન મંડળોની સ્થાપન કરવી જોઈએ.

(૧૬) સ્ટડી કોર્નરનો પ્રોગ્રામ કરવો.

(૧૭) દર ત્રણ મહીને એકવાર મળવું જોઈએ.

(૧૮) આપણા પોતાના ધંધામાં શ્રી બંધુને જોડી તેને પ્રાધાન્ય આપવું.

(૧૯) સતત સંપર્કમાં રહીને સંગઠન શક્તિ મજબુ બનાવવી જોઈએ.

(૨૦) સમાજનું મુખપત્ર શ્રી ગૌડ જાગૃતિને મજબુત કરવું.

(૨૧) ચંદ્રક વિતરણ જેવા કાર્યક્રમો રાજ્ય સ્તરે કરવા.

(૨૨) એજ્યુકેશન ફંડ તથા વિધવા ફંડનું આયોજન કરવું.

(૨૩) સમાજને સંગઠિત કરીને રાજકીય રીતે પણ આગળ વધવું.

ઉપર મુજબના ઘણાં બધા સૂચનો સમાજના અગ્રણીઓ પ્રિ.ડૉ. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય, શ્રી મયુરભાઈ જોષી, પ્રિ. ડૉ. કમલેશભાઈ જોષી, શ્રી વિનયભાઈ શુક્લ, શ્રી દિવ્યાંશભાઈ ઉપાધ્યાય, શ્રી ઉમેશભાઈ જોશી, શ્રી મનોજભાઈ જોશી, શ્રી આશિષભાઈ પાઠક, શ્રી જનકભાઈ પાઠક, શ્રી યોગેશભાઈ પાઠક, શ્રી અરૂણભાઈ ઉપાધ્યાય, શ્રી ભાનુભાઈ પંડ્યા, શ્રી અરવિંદભાઈ જોષી, શ્રી રમેશભાઈ ઉપાધ્યાય, શ્રી પ્રશાંતભાઈ પાઠક, શ્રી ભાગવતીભાઈ પાઠક, શ્રીમતી કામિક્ષીબેન, શ્રી ભરતભાઈ દવે, શ્રી દક્ષેશભાઈ પુરોહિત, મંત્રી શ્રી જયંતભાઈ જોષી, શ્રી ભાસ્કરભાઈ પુરોહિત, શ્રી કિરણભાઈ દવે તથા શ્રી કૌશિકભાઈ પાઠકના મંતવ્યોમાંથી ઉપરોક્ત સૂચનો આવ્યા હતા.

શ્રી દિવ્યેશભાઈ ઉપાધ્યાય દ્વારા કોઈપણ શ્રી બંધુને રીચાર્જ કરવા અને જરૂરી ટેકનોલોજી ફોર પ્રિકાસ્ટ માટે વિનામૂલ્યે મદદ કરવાની જાહેરાત કરેલ છે.

શ્રી ભાસ્કરભાઈ પુરોહિત તથા શ્રી કિરણભાઈ શુક્લ દ્વારા શ્રીગૌડ વતી, ચોખંડી દ્વારા તેમના સમાજની વાડીનો ઉપયોગ, શ્રી બંધુઓને ખૂબ જ નજીવા દરે આપવાની જાહેરાત કરી હતી.

શ્રી મહાલક્ષ્મી એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના શ્રી ભાનુભાઈ પંડ્યા (સાવલી) દ્વારા શ્રીગૌડ સમાજ ગુજરાતમાં રૂ. ૫૦૦/- ભરી સૌ મંડળના સભ્યો થવાની જાહેરાત કરવામાં આવી હતી અને હાજર રહેલા સભ્યોમાંથી મોટા ભાગના મંડળો રૂ. ૫૦૦/- આપી મંડળમાં જોડાયેલ છે.

સમગ્ર કાર્યક્રમમાં યજમાનશ્રીએ, ચા, નાસ્તો તથા ભોજન સહિતની વ્યવસ્થા નવા શ્રી ગૌડ જ્ઞાતિપંચ નવીન (પંચ ગ્રામી), વડોદરા દ્વારા કરવામાં આવેલ હતી. તથા તે માટે સમાજ વતી તેમનો આભાર માનવામાં આવેલ છે. નવા શ્રીગૌડ જ્ઞાતિ પંચ (નવીન પાંચ ગ્રામી), વડોદરાના પ્રમુખશ્રી ભાસ્કરભાઈ પુરોહિત તથા મંત્રીશ્રી કિરણભાઈ વી. શુક્લ તથા તેમના કાર્યક્રમોનો કાર્યક્રમના સુંદર આયોજન બદલ આભાર માનવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય તથા મંગલ પ્રાર્થના, આ મંડળની બહેનો દ્વારા કરવામાં આવ્યો હતો અને અંતે મહાઆરતી તથા મહાપ્રસાદ લઈ સૌ પરત થયા હતા.

આવો આ ક્ષણે આપણે સંકલ્પ કરીએ કે કોઈ પણ શ્રીબંધુ એ મારો પરિવાર છે તેને મારાથી બનતી મદદ કરીશું.

**- કૌશિક પાઠક, મંત્રીશ્રી, જયંત જોષી, મંત્રીશ્રી**














## વ્યક્તિ વિશેષ : શ્રી વસંતરાય રામપ્રસાદ દવે



સમસ્ત શ્રીગોર્ડ સમાજના પૂર્વ હોદ્દેદારોના કાર્ય વિષે –જીવન વિષે પ્રકાશ પાડવાનો આપનો સતુત્ય નિર્ણય આવકાર્ય અને અભિનંદનનીય છે. મારા વિષેની માહિતી નીચે મુજબ છે.જે યોગ્ય હશે.

**વસંતરાય આર. દવે (પૂર્વ સમ્પાદક શ્રગૌડ જાગૃતિ)**

હું વસંતરાય રામપ્રસાદ દવે તા.૨૨-૧૧-૧૯૩૨ના રોજ મોસાળ કાંકણપુરામાં જનમ્યો છું. બાળપણમાં માતાની છત્રછાયા ગુમાવાથી સંયુક્ત કુટુંબમાં કાકાને ત્યાં પખાલીની પોળ રાયપુર અમદાવાદમાં ઉછળી મોટો થયો છું. હાલ પાલડી વિસ્તારમાં પોતાનાં નિવાસ સ્થાને પરિવાર સાથે નિવાસ કરું છું. પરિવારમાં પત્ની, પુત્રી,બેપુત્રો વેલ એજ્યુકેટેડ અને વેલ સેટ થયેલ છે. હું એમ.એ. ગુજ.યુનિ.માંથી થયેલ છું. ઉપરાંત શૈક્ષણીક લાયકાતો એસ-ટી-સી અને એચ.એચ એસ ધરાવું છું. સાહિત્ય ઉપાધિઓમાં મેં સાહિત્યરત્ન (પ્રયોગ) રાષ્ટ્રભાષારત્ન (વર્ધા) અને વિનિત જેવી હિન્દીની લાયકાતો પ્રાપ્ત કરી છે. રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળ અને બાલ્કનજીબારી જેવી સંસ્થાઓમાં હિન્દી વિષયમાં સેવાઓ આપવાની શરુઆત કરી. અમદાવાદની પ્રખ્યાતનામ સ્કુલ ડેમોક્રેટિક સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલમાં શિક્ષક શરુ થઈ સુપરવાઈઝર તરીકે ૩૯ વર્ષ સુધી સેવાઓ આપી શિક્ષકો વિદ્યાર્થી ઓ વાલીઓ અને સંચાલકોની બહોળી લોકચાહના મેળવી ઈસ.૧૯૯૧માં વયમર્યાદાથી નિવૃત થયો છું. ઉપરાંત ગુજરાત એસ.એસ.સી બોર્ડમાં પરીક્ષા લઈ હિન્દી વિષયમાં ૧૦મા અને ૧૨મા ધોરણમાં પેપર સેટર તરીકેની ગોપનીય કામગીરી બજાવી છે. સમસ્ત શ્રીગૌડ સમાજમાં સ્વ. અજીતભાઈ શાસ્ત્રજી નિશ્રામાં મેં શ્રગૌડ જાગૃતિનું સતત ૨૮ વર્ષ સુધી સંપાદનનું કાર્ય સુંદર રીતે બજાવ્યું છે. જેમાં જેમાં તે વખતનાં મારા કમિટી સભ્યો અને હોદ્દેદારોનો સંપુર્ણ સહકાર સંભાળ્યો છે. અમદાવાદનાં મોસ્ટલિડિંગ ક્લાસીસોમાં તે વખતે મેં ધણી શૈક્ષણીક કામગીરીઓ બજાવેલ છે. તેમજ ઉંચા પરિણામો મેળવેલ વખતોવખત જુદી જુદી સંસ્થા માં મેં શૈક્ષણીક તેમજ સાંપ્રદ સમસ્યાઓ વિષે વકતવ્યો આપેલાં. ઘણી સંસ્થાઓએ શાલ આળખી મારુ સન્માન પણ કરેલ છે.

આ ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે મારો પોતાનો એક સંગમ કાવ્ય સંગ્રહ લોકાપર્ણ થયેલ છે. ઉપરાંત નિરવ-રશ્મિ લલકાર, કલ્પન-ધારા જેવા લઘુ કાવ્યસંગ્રહોનું સંપાદન અને એને સહયોગમાં મારી મુખ્ય ભૂમિકા રહી છે. આ ઉપરાંત જિદગીનું પૂર -સિંધી નવલકથાનું ગુજરાતીમાં રૂપાંતર કાર્યમાં મેં પરામર્શક તરીકે યોગદાન આપેલ છે. સાથે સાથે મારી કૃતિઓ મુંબઈ, સુરત અને વડોદરાથી પ્રસિદ્ધ થતા સામયિકોમાં મારા લેખો અને કાવ્યો પ્રસિદ્ધ થયેલા છે. પ્રસિદ્ધ દૈનિક ગુજરાત સમાચાર અને સંદેશમાં પણ મારા લેખો-કાવ્યો પ્રસિદ્ધ પામ્યા

છે. ઉપરાંત લાફિંગ ક્લબના મેગેઝિનમાં ગૃહસ્થ દળમાં પણ મેં સેવાઓ આપી છે. સાહિત્યજગતનાં સાક્ષરો સારસ્વતો લેખકોનાં તેમજ અન્યોનો પ્રેમ સહકાર માર્ગદર્શન વગેરેની પ્રેરણા એ તેમજ વિદ્યાર્થી વાલીઓ અને સહયોગીઓથી આ જીવનનું ઘડતર સુદૃઢ અને સુરમ્ય બની શક્યું શ્રીગૌડ સમાજની મારા વખતની ટીમ તેનો ઉત્સાહ અને વધશે તે વખતે અમારા કારણે હળવું બનાવ્યું છે. સ્વ. શ્રી શિવપ્રસાદ ગણપતરામ દવે રામલાલ ડી. પાઠક, સ્વ. કિર્તિકાન્ત ભટ્ટ મારા પ્રેરણા મુર્તિ રહ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠ તથા રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ જેવી સંસ્થાઓ તેના હોદ્દેદારો વગેરે સાથે પણ મારા ઘનિષ્ટ સંબંધો નિર્ણય તરીકે પણ સેવાઓ આપી છે. શ્રી વડીલ પરિવાર સંસ્થાના સ્થાપક મેમ્બર અને મંત્રી પદે સેવાઓ આપી છે, આપી રહ્યો છું. અમદાવાદની સિનિયર સિટિઝન ક્લબ ઓફ અમદાવાદ મોટી સંસ્થા છે, જેનો હું હાલ જોઈન્ટ સેક્રેટરી છું અને સભ્યોની સારી લોહ ચાહના છે. અત્યારે પણ મારા સુપુત્ર શ્રી વિપુલ વસંતરાય દવે વર્તમાન શ્રી ગૌડ સમાજ ગુજરાતના તંત્રી મંડળમાં પારંપારિક સેવાઓ આપી રહ્યા છે તેનો મને આનંદ છે. અત્યારે ૮૫ વર્ષ ઉંમરે તેનાં સાયુજ અને સામર્થ્ય સિવાય બીજા મેળવવાનું સમાજ ઉત્તરોતર ઉંચા શિખરો સરકાર સંગઠીત સહી બ્રહ્મ સમાજ શ્રીગૌડ સમાજનાં ઉત્કર્ષમાં નિસ્પૃહ ભાવે સેવા આપી રાષ્ટ્રીય કક્ષા એ બેસ્ટ બની રાષ્ટ્રના આધાર સ્તંભ બની રહે તેની મારા તમામ શ્ર બંધુઓ પાસે થી આશા સહ..

# 'શ્રીગૌડ જાગૃતિ' વિતરણ/વહેંચણી વ્યવસ્થાની માહિતી

'શ્રીગૌડ જાગૃતિ' ના વિતરણ/વહેંચણી માટેની કામગીરી નીચે જણાવેલ શહેર/ગામ માટે તેની સામે દર્શાવેલ શ્રી બંધુએ સ્વૈચ્છિક રીતે સ્વીકારેલ છે. આથી 'શ્રીગૌડ જાગૃતિ' માટે તેમનો સંપર્ક કરવા વિનંતી છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | વડોદરા | ડૉ. રાહુલ આર. શુક્લ | ૯૪૦૮૭૩૪૦૭૦ |
| ૨. | ગોધરા | શ્રી મનોજભાઈ વી. જોષી | ૯૪૨૬૩૬૨૫૨૭ |
| ૩. | શહેરા | શ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠક | ૭૫૭૫૦૬૪૮૫૬ |
| ૪. | લુણાવાડા | શ્રી મહેશભાઈ ભટ્ટ | ૯૪૨૮૫૫૦૩૬૦ |
| ૫. | કાલોલ | શ્રી હરીશભાઈ ઉપાધ્યાય | ૯૪૦૮૩૨૯૧૨૩ |
| ૬. | આણંદ | શ્રી ભરતભાઈ દવે | ૯૭૨૬૧૫૭૮૮૨ |
| ૭. | ખંભાત | ડૉ. કમલેશભાઈ જોષી | ૯૯૯૮૮૪૬૩૩૭ |
| ૮. | ભરૂચ | શ્રી કિરિટભાઈ જોષી | ૯૮૨૪૧૫૯૪૨૯ |
| ૯. | અમદાવાદ | શ્રી યોગેશભાઈ, શ્રી વિપુલભાઈ | ૯૮૨૪૦૫૮૭૦૯, ૯૪૨૬૦૪૭૨૪૮ |
| | | શ્રી ધ્રુવભાઈ | ૯૪૨૯૩૫૫૬૫૩ |

## શ્રીબસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરા વાર્ષિકસભા

શ્રીબસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરાની વાર્ષિકસામાન્ય સભામાં વડિલોનું સન્માન અને ઈનામ વિતરણ કાર્યક્રમ તાજેતરમાં યોજાયો. ૨૫૦ થી ૩૦૦ જેટલા શ્રીબંધુઓના આ મેળાવડામાં વડોદરા શ્રી સમાજના પ્રમુખ જાણીતા એડવોકેટ અને નોટરી **શ્રી રજનીકાન્ત જોષી તથા ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ ઉપાધ્યાય તથા મંત્રીશ્રી આશિષ ડી. પાઠક**ના હાર્દિક નિમંત્રણથી **સમસ્ત શ્રી ગૌડ સમાજ, ગુજરાતના પ્રમુખશ્રી ડૉ. બંસીધર ઉપાધ્યાય, મંત્રીશ્રી જયંતભાઈ જોષી તથા શ્રી યોગેશભાઈ શુક્લ** હાજર રહ્યા હતા. **પ્રસંગના મુખ્ય મહેમાન ડૉ. બંસીધર ઉપાધ્યાયનું ભવ્ય સન્માન કરી તેઓને મોમેન્ટો અર્પણ** કરવામાં આવ્યો હતો. આશિર્વચન આપતાં ડૉ. ઉપાધ્યાયે સંસ્કૃતમાં સંબોધન કરી સૌને મંત્ર મુગ્ધ કર્યા તથા જ્ઞાન અને સેવાના ઉમદા ગુણોનું વર્ણન કરી સંગઠન ઉપર ભાર મૂકી જાગૃતિના લવાજમનો ઉલ્લેખ કરી સૌ સમસ્તના સભ્યો બનો તેવું જણાવ્યું હતું. વડિલોનું સન્માન અને વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ પણ ડૉ. બંસીધર ઉપાધ્યાયના હસ્તે કરવામાં આવ્યું હતું.








**નૂતન આવાસ - સરનામું બદલાયું શુભં ભવતુ...**

**પૂર્વ પ્રમુખશ્રી હરિપ્રસાદ એમ. જોષી (SSSG)નું નવું ઘર અને સરનામું બદલાયું છે.**

શ્રી હરિપ્રસાદ મગનલાલ જોષી, નિલકંઠવર્ણી, ૩, આસ્થા રેસીડેન્સી, શિવશક્તિ સોસાયટી પાસે,
ચારકોસીયા નાકા, મુ.પો.તા. લુણાવાડા-૩૮૯૨૩૦, જિ. મહિસાગર.
ફોન : ૦૨૬૭૪-૨૫૦૧૦૫, મો. ૯૪૨૭૦૭૭૪૪૪.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् मां ब्रूयात् सत्यमप्रियम ...

# ગોધરામાં જીવનસાથી પસંદગી સંમેલન યોજાયું


સમસ્ત શ્રી ગૌડ સમાજ ગુજરાત અને શ્રીગૌડ શુભેચ્છક મંડળ ગૃહસ્થ પક્ષ નાનું તડ ગોધરા એકમ દ્વારા સમસી બ્રહ સમાજ ગુજરાતનું પ્રથમ જીવન સાથી પસંદગી સંમેલન તા.૨૮.૫.૨૦૧૭ ના રોજ ગોધરા ખાતે યોજયું હતું.પ્રસંગના ઉદઘાટનમાં મુખ્ય અતિથી તરીકે **સમસ્ત શ્રીગૌડ સમાજનાં પ્રમુખ ડો. શ્રી બંસીધરભાઈ ઉપાધ્યાય સહીત મંત્રી શ્રી કૌશિકભાઈ પાઠક અને શ્રી જયંતભાઈ જોશી** ઉપસ્થિત રહ્યા હતા. પુર્વપ્રમુખ શ્રી હરિપ્રસાદભાઈ જોશી ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત હતા. **અતિથી વિશેષ તરીકે નામાંકિત વકિલ પરિમલભાઈ પાઠક અને ગોવિંદગુરુ યુનિવર્સિટી ગોધરાનાં રજીસ્ટ્રાર ડૉ. શ્રી ગિતેશભાઈ જોષી તેમજ ન્યાયાધીશ શ્રી ભાવિનભાઈ જે. પંડ્યા** ઉપસ્થિત રહ્યા હતા. ખુબજ મોટી સંખ્યામાં લગ્નોઉત્સુક,યવક-યુવતીઓ અને વડીલો આ કાર્યક્રમમાં આવ્યા હતા. સૌના માટે સવારે નાસ્તો અને ચા કોફી ની વ્યવસ્થા સાથે બપોરે સુંદર ભોજન દરમ્યાન બાળકો દ્વારા સુંદર નૃત્ય કરાયું જે જોઈ સૌએ આનંદ અનુભવ્યો. લગભગ તમામ બાળકોને તેમનાં ઉમદા કાર્ય બદલ રોકડ ઈનામ આપી પ્રોત્સાહન કર્યા. ઉપરાંત જે યુવક-યુવતી આ સંમેલન માં પલ્લપટ પસંદગી કરી લગ્નગ્રંથીથી જોડાશે તેઓ તેઓને **પ્રમુખ શ્રી ડૉ.બંસીધરભાઈ ઉપાધ્યાય** તરફથી તેમજ અન્યો દ્વારા ટોકન ઈનામ આપવાની જાહેર કરાઈ હતી.

આ કાર્યક્રમનાં સહાયક અને માર્ગદર્શન આપનારા ડૉ. **શ્રી કમલેશભાઈ જોશી, પ્રોજેક્ટ કન્વીનર અને મહામંત્રી શ્રી મનોજભાઈ વી. જોષી, પ્રમુખ શ્રી ઉમેશભાઈ જોશી** અને તેમની પૂરી ટીમને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખુબ ખુબ અભિનંદન..








# સમસ્ત શ્રીગૌડ સમાજ, વડોદરા

વડોદરાના શ્રીગૌડ સમાજની સ્થાપનાના ૪૯ વર્ષ પૂર્ણ થયા અને **૫૦ વર્ષમાં પ્રવેશ** કર્યો તેની ખુશાલીમાં સુંદર સુવર્ણ જયંતિ મહોત્સવ અને સાથે સાથે **શ્રીયાગ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમાજના **પ્રમુખ ડૉ. ઠાકોરભાઈ શાસ્ત્રી, મંત્રી શ્રી બીપીનચંદ્ર પુરોહિત અને શ્રી ભગવતીપ્રસાદ પાઠક**ના નિમંત્રણથી **સમસ્ત શ્રી ગૌડ સમાજ ગુજરાતના પ્રમુખશ્રી ડૉ. બંસીધર ઉપાધ્યાય, ઉપપ્રમુખ શ્રી હરેન્દ્ર પાઠક, મંત્રીશ્રી કૌશિકભાઈ, શ્રી જયંતિભાઈ જોષી, કા.સભ્યશ્રી યોગેશ શુક્લ** વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ઉપાધ્યાયે બ્રાહ્મણ, શ્રીગૌડ અને સંગઠન ઉપર મનનીય પ્રવચન આપી વડોદરા સમાજને બિરદાવી સંઘે શક્તિ કલૌયુગેની વાત કરી હતી. સૌને અભિનંદન પાઠવી પૂજા, આરતી, મહાપ્રસાદ લઈ પરત થયા હતા. વડોદરા સમાજે ડૉ. **બંસીધર ઉપાધ્યાય**નું ભવ્ય બહુમાન કરી સૌ સાથે રહી પ્રસંગો ઉજવવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે તેઓના પૂર્વપ્રમુખો, **શ્રી ભાનુભાઈ પંડ્યા(સાવલી), શ્રી ધ્રુવભાઈ જોષી(કાલોલ)** વગેરે મહાનુભાવો તથા શ્રીપરિવારો હાજર રહ્યા હતા.











# મંગલ મંદિર ખોલો....







| ક્રમ | નામ | વતન |
|---|---|---|
| ૧. | રમેશચંદ્ર મથુરભાઈ | કાલોલ |
| ૨. | પ્રમોદભાઈ ડાહ્યાલાલ જોશી | કાલોલ |
| ૩ | ઠાકોરભાઈ અંબાલાલ જોશી | કાલોલ |
| ૪ | કુમુદબેન ચંદ્રશંકર જોશી | કાલોલ |
| ૫ | હનુપ્રસાદ ચંદુલાલ ઉપાધ્યાય | કાલોલ |
| ૬ | મગનલાલ મોતીરામ જોશી | કાલોલ |
| ૭ | શાંતાબેન સોમેશ્વર જોશી | કાલોલ |
| ૮ | રૂંકિતકુમાર બળદેવપ્રસાદ જોશી | કાલોલ |
| ૯ | વિધાબેન જયંતિલાલ જોશી | કાલોલ |
| ૧૦ | જયકાંત લક્ષ્મીકાંત પાઠક | અમદાવાદ |
| ૧૧ | ઉષાબેન અરુણભાઈ ભટ્ટ | અમદાવાદ |
| ૧૨ | સ્મિતાબેન કિરીટભાઈ પાઠક | અમદાવાદ |
| ૧૩ | જયમતીબેન સનનભાઈ પાઠક | વડોદરા |
| ૧૪ | ભાલચંદ્ર નર્મદશંકર પાઠક | લુણાવાડા-ઓડ-ઉમરેઠ |
| ૧૫ | જયમન્તિબેન સનતકુમાર પાઠક | શહેરા |
| ૧૬ | શરદ ચંદ્રકાંત પાઠક | શહેરા |
| ૧૭ | ભુપેન્દ્રભાઈ જયંતિલાલ પુરોહિત | વડોદરા |



સ્વ. અનસુયાબેન જયકૃષ્ણ પંડ્યા
જ.તા. ૧૭-૦૫-૧૯૩૯
સ્વ.તા. ૧૫-૦૪-૨૦૧૬



સ્વ. રાજેન્દ્રભાઈ નટવરલાલ દવે
જ.તા. ૧૫-૦૫-૧૯૪૩
સ્વ.તા. ૧૮-૦૭-૨૦૧૬



સ્વ. જયકાન્તભાઈ લક્ષ્મીશંકર પાઠક
જ.તા. ૩૧-૦૮-૧૯૨૫
સ્વ.તા. ૦૫-૦૫-૨૦૧૭



સ્વ. જયમતીબેન સનતકુમાર પાઠક
જ.તા. ૧૨-૦૭-૧૯૪૬
સ્વ.તા. ૩૦-૦૫-૨૦૧૭



સ્વ. દક્ષાબેન પ્રકાશકુમાર શુક્લ
જ.તા. ૨૨-૦૩-૧૯૫૮
સ્વ.તા. ૦૨-૦૭-૨૦૦૭

**શ્રદ્ધાંજલી ભેટ-સાભાર સ્વીકાર**

૧. રૂ. ૫૦૦૦/- સ્વ. જયમતીબેન સનતભાઈ પાઠકના સ્મરણાર્થે શ્રદ્ધાંજલી ભેટ શ્રી સનતભાઈ વી. પાઠક તરફથી
૨. રૂ. ૫૦૦/- સ્વ. અનસુયાબેન જયકૃષ્ણ પંડ્યાના સ્મરણાર્થે શ્રદ્ધાંજલી ભેટ શ્રી જયકૃષ્ણ એન. પંડ્યા તરફથી
૩. રૂ. ૫૦૦/- સ્વ. જયકાન્ત લક્ષ્મીશંકર પાઠકના સ્મરણાર્થે શ્રદ્ધાંજલી ભેટ શ્રી મનોજ જે. પાઠક તરફથી
૪. રૂ. ૫૦૦/- સ્વ. રાજેન્દ્રભાઈ નટવરલાલ દવેના સ્મરણાર્થે શ્રદ્ધાંજલી ભેટ શ્રી રોહિણીબેન આર. દવે તરફથી
૫. રૂ. ૫૦૦/- સ્વ. દક્ષાબેન પ્રકાશકુમાર શુક્લના સ્મરણાર્થે શ્રદ્ધાંજલી ભેટ શ્રી પ્રકાશકુમાર જી. શુક્લ તરફથી

**સર્વે દિવંગત આત્માઓ શાશ્વત શાંતિ પામે તેવી સમાજ તરફથી પ્રભુને પ્રાર્થના......!**

**जातस्यहि ध्रुवो मृत्यु ध्रुवं जन्म मृतस्य च...**

## સમાચાર સંચય

(૧) જોશી જીગ્નેશકુમાર હિમાંશુભાઈ એ પંચમહાલ જીલ્લાનાં તીરંદાજી ખેલાડી તરીકે રાજ્યકક્ષાએ ભાગ લીધેલ તેનાં ભાગ રુપે તેમને ધો.૧૦ માં શ્રી લક્ષમણ જ્ઞાનપીઠ સંસ્કાર ધામ સાણંદ જી.અમદાવાદ ખાતે મફત પ્રવેશ મળેલ છે. જેનાં તમામ ખર્ચ સરકારશ્રી દ્વારા કરવામાં આવશે જેમણે જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

(૨) શ્રીમતી ઉષાબેન ડૉ. શિલીનભાઈ શુકલ ને તેમની કૃતિ ''ગૃહલક્ષ્મી ગૃહે ગૃહે'' માટે ગુજરાત સાહિત્ય આકદમી તરફથી વર્ષ ૨૦૧૪ માટે Best Drama-one Act Play માટે દ્વિતીય પારિતોષક એનાયત કરાયું. અભિનંદન !

(૩) ચિ. નિરજ રાજેશ પાઠક,બાયડ, બી.એસ.સી. ગણીતમાં ૮૨% સાથે ઉત્તિર્ણ થયા છે. અભિનંદન !

(૪) તિર્થ પુષ્પેશભાઈ પાઠક ને દુબઈમાં EMF ACE GUBA એવોર્ડ એનાયત થયો. સમાજ તરફથી અભિનંદન !

(૫) કુ. નિધી હિતેશ પાઠક અમદાવાદ ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં ૯૩% મેળવી ઉત્રીણ થયા છે. અભિનંદન!

(૬) કુ. ક્રીષ્ના મહેશ ભાઈ ભટ્ટ, લુણાવાળા ધો.૧૨ પરીક્ષામાં ૬૧%સાથે ઉત્તિર્ણ થયા છે. અભિનંદન !

(૭) ચિ. સ્વરિત વત્સલ શુક્લ, વડોદરા ધો. ૧૨ માં ૯૦.૪%સાથે. પાસ થયા છે. અભિનંદન !

(૮) **શ્રી કનકભાઈ પાઠક(ઉપપ્રમુખ, સમસ્ત શ્રી ગૌડસમાજ ગુજરાત)** બૅક ઓફ બરોડા માં છોટા ઉદેપુર લીડ ડિસ્ટ્રિક મેનેજર તરીકે બઢતી પ્રાપ્ત કરી છે. અભિનંદન ! આ ઉપરાંત છોટા ઉદેપુરમાં યોજાયેલ વિશાળ ભરતી મેળામાં ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત રહી કનકભાઈ પાઠકે પ્રસંગોચિત ઉદ્‌બોધન પણ કર્યું હતું. આ ભરતીમેળામાં ૨૦૦૦ થી વધુ ઉમેદવારો હાજર રહ્યા હતા.

(૯) ચિ. હરિન મેહુલભાઈ પ્રસાદ પાઠક નું મદ્રાસ ખાતે યુનિવર્સીટીની ક્રિકેટ ટીમમાં કપ્તાન તરીકે ના શાનદાર દેખાવ બદલ તલિમનાડુના ગવર્નર દ્વારા સનમાન કરાયુ. તેમને શીલ સાથે રોકડ દસ હજાર રુપિયા મળ્યા હતા જે તેમણે ચેરીટીમાં આપેલ છે. અભિનંદન !

(૧૦) ચિ.કુશલ કિરણ પાઠક, બી.ઈ. ઈલેક્ટ્રિક ફાઈનલમાં ૮૩.૫%સાથે ઉત્તીર્ણ થયા છે. અભિનંદન !

(૧૧) ઉમરેઠના વતની શ્રી રૂપેશભાઈ પ્રફુલચંદ્ર શાસ્ત્રી, ડાકોરની ડાકોર મંદિરમાં મુખ્ય મેનેજર તરીકે વરણી કરવામાં આવેલ છે. અભિનંદન!

(૧૨) સેન્ટ્રલ ગુડસ સર્વિસ ટેક્ષ અને કસ્ટમની કચેરી અમદાવાદ ખાતે ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા શ્રી ચેતનભાઈ હરિપ્રસાદ વ્યાસ, અમદાવાદને સુપ્રિટેન્ડન્ટ (વર્ગ-૨)માં બઢતી મળેલ છે. અભિનંદન !

(૧૩) શ્રી ગિરીશચંદ્ર બાલમુકુન્દ શુક્લના પુત્ર ચિ. વંશ ધર્મેશ શુક્લ અને ચિ. જય કશ્યપકુમાર શુક્લને યજ્ઞોપવિત્ર સંસ્કાર તા.૦૭-૦૫-૨૦૧૭ના રોજ આપવામાં આવેલ. અભિનંદન !

# કાયદાકીય સેવા સેલ

**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના માનનીય પ્રમુખશ્રી પ્રિ.ડૉ. બંસીધર ઉપાધ્યાયની વિનંતી સૂચન મુજબ** જ્ઞાતિના નીચે જણાવેલ વિદ્વાન ધારાશાસ્ત્રીઓએ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના શ્રીબંધુઓ માટે વિના મુલ્યે કાનુની માર્ગદર્શન આપવા માટે તેમજ જરૂરી માર્ગદર્શન માટે પોતાની સંમતિ દર્શાવેલ છે અને જે બદલ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તેઓનો આભાર માને છે. અગાઉ આવેલ નામોમાં નવા ઉમેરો કરેલ છે.

(૧૩) શ્રી મીહિરભાઈ એચ. પાઠક, અમદાવાદ હાઈકોર્ટ મો. ૯૮૨૫૮૧૫૦૧૩

(૧૪) શ્રીમતી વૈજયન્તિ એસ. પાઠક, હાઈકોર્ટ, મો. ૯૪૨૬૫૪૨૫૯૭

(૧૫) કુ. શ્રુતિ શ્રીકાંતભાઈ પાઠક (આસી. ગર્વમેન્ટ, પ્લીડર) મો. ૯૪૨૮૧૨૪૮૪૪

**નોંધ:-**

✍ હજુ જે ધારાશાસ્ત્રીઓ સેવા આપવા ઉત્સુક હોય તેઓએ પ્રમુખશ્રીને જાણ કરવા સાદર વિનંતી છે.

✍ સમાજના વિવિધ વ્યવસાયોમાં રોકાયેલા શ્રીબંધુઓ પોતાના વ્યવસાયમાં શ્રીબંધુને સેવા માર્ગદર્શન આપવા ઉત્સુક હોય તો તેઓએ પ્રમુખશ્રીનો સંપર્ક કરી સંમતિ આપવી.

# ડોક્ટર સેવા સેલ

**સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ શ્રી બંસીધર ઉપાધ્યાય એક ડૉક્ટરસેલ બનાવેલ છે**. ગુજરાતના સેવાભાવી ડૉક્ટરોનું બીજું લીસ્ટ નીચે મુજબ છે. જેઓ શ્રીબંધુની સેવા માટે ઉત્સુક છે, તે બદલ આભાર. હજુ વધુ લોકોની સંમતિ મળે તેમના નામ હવે પછીના એકમમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. પોતાના નામ સ્પેશ્યાલીટી સાથે નોંધાવવા કન્વીનર શ્રી પુષ્પેશ પાઠક, મો. ૯૮૨૪૦૨૩૫૫૪ નો સંપર્ક કરવો. અગાઉ આવેલ નામોમાં નવા ઉમેરો કરેલ છે.

| | | |
|---|---|---|
| ડૉ. નિસર્ગ કે. પાઠક | વડોદરા (અકોટા) | ૮૧૫૬૦૬૭૨૭૨ |
| ડૉ. પ્રજ્ઞેશકુમાર આર. શુક્લ | વડોદરા | ૯૪૨૭૮૩૯૨૯૧ |

## વડિલોનું સન્માન-વંદના અને તેજસ્વી તારલા સન્માન કાર્યક્રમ

આપણે આ વર્ષે ૭૫ કે તેથી વધુ ઉંમર પૂર્ણ કરી હોય તેવા વડિલોનું સન્માન-વંદના કરવા ઓક્ટોબરમાં જઈ રહ્યા છીએ. સૌ શ્રીબંધુ-ભગિનીઓને વિનંતી કે આપ આપના સ્વજન, પરિચિત વડિલો હોય તેમનાં નામ, સરનામાં, વિગતો તુરંત પ્રમુખશ્રી, મંત્રીશ્રી કે કાર્યાલયમાં મોકલશો. સમાજમાં જેઓએ વિશિષ્ટ પ્રદાન કર્યું હોય, વ્યક્તિ વિશિષ્ટ તરીકે સન્માન પ્રાપ્ત કર્યું હોય તેમની પણ વિગતો ટૂંકમાં મોકલવા વિનંતી છે. આ સાથે ધો. ૧૦, ૧૨, ડિપ્લોમા, ડીગ્રી વગેરેમાં વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષોમાં ઉત્તિર્ણ થયા હોય તેમની માર્કશીટ, આ સાથે છાપેલ ફોર્મમાં તા.૩૧-૦૮-૨૦૧૭ પહેલાં અચૂક કાર્યાલય પર મોકલશો જેથી કાર્યક્રમ ગોઠવી શકાય.

# શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ચંદ્ર પારિતોષિક માટે અરજીપત્રક

સભાસદ નં. :

પ્રતિ, સેક્રેટરીશ્રી,
**શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ**
C/o. શ્રી કિરણભાઈ વી. દવે
૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૩, જૂની પાયલોટ ડેરી પાસે,
કાંકરીયા, અમદાવાદ-૩૮૦૦૨૨.

**માર્ચ-એપ્રિલ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ના ............... ધોરણમાં /ડીગ્રીમાં/ડીપ્લોમાં**

સમાજ તરફથી વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭માં સાલમાં પાસ થયેલ વિદ્યાર્થીઓને અપાતા ચંદ્રક / પારિતોષિક માટે મારી અરજી ધ્યાનમાં લેવા વિનંતી છે. મારી માહિતી નીચે મુજબ છે :

વિદ્યાર્થી / વિદ્યાર્થીનું નામ : ..............................................................................
સરનામું : ..............................................................................
ટેલીફોન નંબર : ..............................................................................
પિતા/વાલીનું નામ : ..............................................................................
સરનામું : ..............................................................................
પિતા / વાલી સમાજના આજીવન / સામાન્ય સભ્ય છે ? હા / ના
વિદ્યાર્થીએ પાસ કરેલ ધોરણ / ડીગ્રી : ..............................................................................
અભ્યાસક્રમ - પ્રવાહનું નામ : ..............................................................................
પરીક્ષામાં મેળવેલ ટકા : ..............................................................................
બોર્ડ યુનિવર્સીટી : ..............................................................................

| પરીક્ષાના વિષયો | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|
| | | |

નોંધ :-
(૧) અરજી સાથે ગુણપત્રકની સેલ્ફ પ્રમાણિત કોપી મોકલવી.
(૨) અધૂરી આવેલી અરજી ધ્યાનમાં લેવામાં નહીં આવે.
(૩) જે શાખા/પ્રવાહમાં ઘોષિત ચંદ્ર નથી તેવી અરજીઓ સ્વીકાર કરવામાં નહીં આવે.
(૪) પ્રથમ પ્રયત્ને સફળ થનાર ચંદ્રકને પાત્ર ગણાશે.
(૫) સમાજના સભ્ય હોય તેવા વાલીના બાળક જ ચંદ્રકને પાત્ર થશે.
(૬) **માર્કશીટ તા. ૩૧-૦૮-૨૦૧૭ સુધીમાં કાર્યાલયમાં મોકલી આપવાની રહેશે.**

તારીખ : પિતા/વાલીની સહી : વિદ્યાર્થીની સહી :

# ચાર્ટર્ડ એકાઉન્ટ્સ સેવા સેલ

સમસ્ત શ્રીગૌડ સમાજના પ્રમુખ શ્રી બંસીધર ઉપાધ્યાય એક ચાર્ટર્ડ એકાઉન્ટ્ સેલ બનાવવા જઈ રહ્યા છે.જેઓ શ્રીબંધુની સેવા માટે ઉત્સુક છે, તેઓએ પ્રમુખશ્રીનો સંપર્ક કરવો. જેમ જેમ શ્રી બંધુની સંમતિ મળે તેમના નામ હવે પછીના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| શ્રી દિવ્યાંગ જયકુમાર શુક્લ | સી.એ. | અમદાવાદ | ૯૪૨૪૩૦૦૩૫૬ |
| શ્રી યતીનભાઈ પાઠક | સી.એ. | મુંબઈ | ૨૨૦૫૧૯૦૧, ૬૬૩૧૧૧૨૮ |
| શ્રી રાકેશ જે. શુક્લ | સી.એ. | અમદાવાદ | ૯૮૨૪૩૪૯૭૪૭ |
| શ્રી રમેશ પાઠક | સી.એ. | અમદાવાદ | ૯૮૨૫૯૪૦૩૮૮ |

**સી.એ, એન્જિનિયર, આર્કીટેક્ટ, જ્યોતિષી, વાસ્તુશાસ્ત્રીઓ, કર્મકાંડી વિદ્વાનો વગેરેએ પોતાનાં નામો પ્રમુખશ્રીને મોકલવાં જેથી વિવિધ સેલમાં ઉમેરી શકાય.**

## સમસ્ત શ્રીગૌડ સમાજ-ખંભાત એકમ

સમસ્ત શ્રીગૌડ સમાજ- ખંભાત એકમ થી તા-૨૩-૦૬-૨૦૧૭ને શુક્રવારે સાંજે ૬-૩૦ કલાકે સમાજના તેજસ્વી તરલાઓનો સન્માન કરી ઈનામ વિતરણનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ખંભાત એકમના સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શ્રી પંકજભાઈ મેહતા મુખ્યમહેમાન પદે હતા. શ્રીગૌડ સમાજના પ્રમુખ શ્રી બટુકભાઈ જોશી મહામંત્રીશ્રી ભાવિનભાઈ ભટ્ટ કારોબારી સભ્યો અને સમાજના 100% કુટુંબીજનો બાળકો સાથે હાજરી આપી હતી..ઈનામોનું સૌજન્ય આંતરીક ઓડિટર શ્રી યોગેશભાઈ દવે તરફથી પ્રાપ્ત થયું હતું. કુળદેવી મહાલક્ષ્મીની સાભિષેક સંપૂર્ણ પૂજાને 21 દિવડાઓથી મહાઆરતી કરી હતી. સમાજના જ વડીલશ્રી ઈન્દ્રજીત ભટ્ટ અને સલાહકાર ડો.કમલેશ જોશી હાજરી આપી હતી. સંગઠક શ્રી કૈવલયભાઈ પાઠકે પ્રોગ્રામનું સફળ સંચાલન કર્યું હતું. અંતે મહાપ્રસાદ લઈ વિસર્જિત થયા હતા.

**પ્રિ.ડૉ. કમલેશભાઈ જોષીએ ખંભાતમાં અને ગોધરામાં શ્રીગૌડ સમાજને શૂન્યમાંથી સર્જન કરી પુનઃકાર્યરત કરવા બદલ સમાજ તરફથી ધન્યવાદ પાઠવવામાં આવે છે.**







## નમ્ર નિવેદન

**આપને ત્યાં સારા-માઠા પ્રસંગે 'જાગૃતિ'ને યાદ કરી સમાચાર-ભેટ મોકલશોજી.**

ટ્રસ્ટ રજી. નં. ઈ-૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

॥ શ્રી ગણેશાય નમ: ॥

ફોન : ૦૭૯-૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

# વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડીકલ,
એન્જિનિયરિંગના ઉચ્ચ શશિક્ષિત ભારતના, વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

અપરણિત છુટાછેડા વિધવા વિધુર સીનીયર સીટીઝન સફેદદાગ વિકલાંગ શારિરીક ક્ષતિ મુકબધિર પ્રજ્ઞાચક્ષુ
એચ.આઈ.વી. એન.આર.આઈ. યુવક-યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી પાત્રોની
આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય ત્યાં સુદી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**

સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.
Website : www.vidhatamarriage.co.in
Email : contact@vidhatamarriage.co.in

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર

# ઉડાન પ્રિ-સ્કૂલ

## કે.જી. થી ધો. ૧૦

## વિશેષતાઓ

- સુનિયોજીત અભ્યાસક્રમ
- પ્રશિક્ષિત અને કાર્યદક્ષ શિક્ષકો
- અનુકુળ વ્યક્તિગત બેઠક વ્યવસ્થા
- પ્રવૃતિમય અને ગુણવત્તાસભર શિક્ષણ
- વિવિધ સ્પર્ધાનું આયોજન
- ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉત્સાહપૂર્ણ ઉજવણી
- માસીક વાલી મીટિંગ
- એજ્યુકેશનલ સોફ્ટવેર
- સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓ
- દરેક વાલીને મોબાઈલ એપ.
- ઈન્ડોર આઉટડોર સ્પોર્ટ્સ ફેસિલીટી
- ઓડિયો વિડિયો ક્લાસરૂમ
- ડાઈનિંગ સ્પેસ
- આર્ટ એન્ડ ક્રાફ્ટ વર્કશોપ

યુનિફોર્મ, કેપ, સ્કુલબેગ,
દરેક વિષયની બુક, વર્કશીટ,
કાયમ ગરમ પૌષ્ટિક નાસ્તો

ઉડાન મલ્ટિ એક્ટીવિટી સેન્ટર, ડાન્સ,
મેમરિ ટેકનિક, કરાટે,
મેથ્સ સોલ્યુસન, યોગ,
સ્પીડ રીડિંગ, મિડ બ્રેઈન એક્ટિવેશન

**લોમેશ ઉપાધ્યાય - મો. ૯૮૭૯૦૦૭૩૩૦**
**નૂપેશ ઉપાધ્યાય - મો. ૯૯૨૫૦૩૪૫૫૧**

**મહેશ મુખીના મકાનમાં, મોટુ ફળિયુ, કોઠંબા, જિ. મહિસાગર**

**પ્રકાશક અને મુદ્રક :**
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત વતી**
**પ્રમુખશ્રી પ્રિ.ડો. બંસીધર એન. ઉપાધ્યાય**
**C/o. શ્રી કિરણભાઈ વી. દવે, (ખજાનચી)**
**૪૮, ચંદ્રપ્રકાશ સોસાયટી વિભાગ-૩**
**જુની પાઈલોટ ડેરી પાસે, કાંકરીયા,**
**અમદાવાદ-૩૮૦૦૨૨.**
**ફોન : ૦૭૯-૨૫૪૫૩૦૧૦**
**આજીવન સભ્ય ફી રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-**
**પરદેશમાં રૂ. ૨૫૦૦/-**

બુક-પોસ્ટ

પ્રતિ